# મોડાસાના લિંભાઈમાં શનિ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી

## સનિષ્ઠ જયંતી વૈશાખ વદ અમાસનો યોગ ૨૭ વર્ષ પછી અમાવસનો યોગ આવ્યો છે

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં શનિ શિંગણાપુર તરીકે જાણીતુ બનેલુ લીંભોઈ ગામમાં વૈશાખ વદ અમાસનો દિવસ શનિ જયંતી તરીકે ઉજવાયો છે. આ વધુ માહિતી આપતા મંદિરના મહંત ચિરાગભાઈ જણાવે છે કે વૈશાખ વદ શનિ જયંતીનો યોગ છે તે છેલ્લા ૨૭ વર્ષ પછી આવ્યો છે. વધુમાં તેઓ જણાવે છે કે અમારા અરવલ્લી જિલ્લામાં જ્યાં




મહારાષ્ટ્રમાં શનિશ્વર ખાતે જે રીતે શનિદેવનું મંદિર આવેલુ છે તેવું આબેહુબ મંદિર મોડાસાના (લીંભોઈ) ગામે આવ્યુ છે. ત્યારે શનિ જયંતિના કારણે આખા સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભક્તજનો આવે છે. ત્યારે મંદિરના સંચાલકો દ્વારા શનિ મહારાજને શણગાર પહેરાવમાં આવે છે અને ગ્રહોની શાંતિ માટે ભક્તજનો દ્વારા તલનું તેલ, શેરડીનો રસ, નાળીયેરનું પાણી, જાંબુના રસનો અભિષેક આપે છે. જ્યારે કાળા તલ, અદડ પણ શનિ મહારાજને ચઢાવવામાં આવે છે. જ્યારે મંદિરના સંચાલકો ઈશ્વરભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ પટેલ, દિલીપ જોષી, બીપીનભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ દ્વારા શનિ ભક્તોને કોઈ વિના તકલીફે શનિ મહારાજના દર્શન કરે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.



આફ્રિકન ડેવલોપમેન્ટ બેન્કનું પ્રતિનિધિમંડળ સાબરમતી ખાતે ગાંધીઆશ્રમમાં પહોંચ્યું હતું.

# જિલ્લામાં ૩૩ શાળાઓએ ફી વધારાની માંગ કરી

## ૩૦ શાળાઓએ ફી ઘટાડી : ૨૮ શાળાઓ સરકારના કાયદા સામે કોર્ટમાં પહોંચી : ૮ પ્રાથમિક શાળાઓએ ફી ઘટાડી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૩૩ શાળાઓએ તેમની હાલની નિયત ફી ના ધોરણમાં વધારો કરવાની દરખાસ્ત કરી છે તો ૨૮ જેટલી શાળાઓએ સરકારના ફી નિયમન સામે કોર્ટમાં દાદ માગી છે.

ગઈકાલે મધરાત સુધીમાં ફી ઘટાડાની મુદતના આખરી દિવસ સુધીમાં જિલ્લામાં કુલ ૩૦ શાળાઓએ તેમની ફી ના દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. જેમાં ૮ પ્રા. શાળાઓ, ૪ માધ્યમિક શાળાઓ અને ૧૮ ઉ.મા. શાળાઓનો સમાવેશ થાય છે.

શિક્ષણ વિભાગને ૨૦૦થી વધુ સોગંદનામા મળ્યા છે. જિલ્લામાં શિક્ષણ સમિતિ સમક્ષ ૧૧ શાળાઓએ ફી વધારવાની દરખાસ્ત કરી છે તો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં પ્રા. શાળાથી લઈ ઉ.મા. સુધીનું શિક્ષણ આપતી ૧૩ શાળાઓએ દરખાસ્ત કરી છે.

૧૩ શાળાઓએ કોર્ટમાં રજુ કરેલા કેસ પેપર રજુ કર્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લામાં જે પ્રા. શાળાઓએ ફી માં ઘટાડો કર્યો છે તેમાં રૂ. ૧૫ હજારથી લઈ ૩૦ હજાર સુધીનો ઘટાડો કર્યો છે. આ શાળાઓમાં ચાંદખેડાની બે, છાલા, અમિયાપુર, ઝુંડાલની ખાનગી શાળા ઉપરાંત માણસા, દહેગામ અને કલોલની એક-એક શાળાનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ૮૦ જેટલી શાળાઓ એવી છે જેમણે કોઈપણ પ્રકારની વિગતો રજુ કરી નથી. જેથી હવે સરકાર દ્વારા તેમની સામે સુઓમોટો કરી અને વિગતો મેળવી પગલાં લેશે તેમ મનાઈ રહ્યું છે.

ફી નિર્ધારણના મુદ્દે ઝોનવાર રચાયેલી સમિતિઓની કાર્યવાહી હવે શરૂ થશે. દરમ્યાન શિક્ષણ વિભાગે આજે તમામ જિલ્લાના અધિકારીઓની એક બેઠક સ્થિતિની સમીક્ષા માટે ગાંધીનગર ખાતે બોલાવી હોવાનું જાણવા મળેલ છે.

## વણસોલની યુવતીએ ફીનાઈલ પીધું

વડગામ તાલુકાના વણસોલ ગામની ૧૮ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર ફિનાઈલ પીને આપઘાત કરવાનો પ્રયાસ કરતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઈ હતી.

વડગામ તાલુકાના વણસોલ ગામની ૧૮ વર્ષીય યુવતી શિતલબેન લક્ષ્મણ ભાઈ ઘટાડએ ફીનાઈલ પી જિંદગી ટુકાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જોકે, આ યુવતિને તેના પિતાએ ઠપકો આપતા લાગી આવતા આ પગલું ભર્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## મોડાસા વિધાનસભા વિસ્તારના બે તાલુકા અને શહેરના ૩૨૩ બુથોના વિસ્તારોનો અભ્યાસ વર્ગ યોજાયો

### નવ દિવસ સુધી કાર્યકરો જે તે બુથ ઉપર વિસ્તારક તરીકે સેવાઓ આપશે

મોડાસા, તા. ૨૫

વિસ્તારક યોજના અંતર્ગત તા. ૨૫-૫-૨૦૧૭ અરવલ્લી જિલ્લા ભાજપા ધ્વારા મોડાસા



વિધાનસભા વિસ્તારના ૯ દિવસનું સમયદાન આપનાર વિસ્તારક શ્રીઓનો અભ્યાસ વર્ગ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીના પ્રમુખપદે મોડાસા મહાલક્ષ્મી ટાઉનહૉલ મુકામે યોજાયો હતો.

અભ્યાસ વર્ગમાં દિપ પ્રાગટ્ય અને વંદેમાતરમ ગાન કરીને અભ્યાસ વર્ગ શરૂ કરાયો હતો. આ અભ્યાસ વર્ગમાં વિસ્તારકવર્ગ સંયોજક અને વર્ગઅધ્યક્ષ દીલીપસિંહ પરમાર ધ્વારા આવેલ વિસ્તારકો અને મહાનુભાવોનું સ્વાગત કરવા સાથે વિસ્તારકોની રૂપરેખા આપવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી ધ્વારા વિસ્તારક એટલે શું, વિસ્તારકની ભૂમિકા અને વિસ્તારકને પોતાના વિસ્તારમાં જઈને ભાજપાના કાર્યકર્તા તરીકે સહજ અને સરળ સીસ્તબધ્ધ રીતે



પાર્ટીએ કરેલા વિકાસના કામોની ચર્ચા કરવા અંગે વિસ્તારકને જણાવાયુ.

જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ ધ્વારા પ્રોજેક્ટર પર સીડી ધ્વારા દર્શાવેલ કોંગ્રેસ અને ભાજપાના શાસનકાળ દરમિયાન ભાજપા સરકારે કરેલા વિકાસના કામો, ગરીબલક્ષી યોજનાઓ ધ્વારા તુલનાત્મક રીતે કોંગ્રેસ શાસીત સરકાર અને વર્તમાન ભાજપા સરકારની યોજનાઓની સવિષેશ ચર્ચા કરવામાં આવી હતી.

પ્રદેશ સંયોજક ભાર્ગવભાઈ ભટ્ટ ધ્વારા યોજના અંતર્ગત સંબોધનની સીડી પ્રોજેક્ટર પડદા પર બતાવી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ ધ્વારા બુથ ના વિસ્તારક તરીકે ૯ દિવસવનુ સમયદાન આપતા વિસ્તારકોને આપવામાં આવતી કીટ સામગ્રીની ઉપયોગીતા વિશે ઉંડાણપૂર્વક જાણકારી આપવામાં આવી હતી.

BJP BOOTH TT વિસ્તારક માટે પ્રદેશ ધ્વારા એપ્લીકેશન મુકવામાં આવેલ તેનું મોબાઈલમાં ડાઉનલોડ કરવા માર્ગદર્શન જિલ્લા આઈ.ટી સેલ ધ્વારા પુરૂ પાડવામાં આવ્યું.

## મહાત્મા મંદિરે વિશ્વ પર્યાવરણ દિને એન્વાયરમેન્ટ રીસર્ચ મીટ યોજાશે

### ગેમી અને જીપીસીબી દ્વારા પર્યાવરણીય સંશોધન ક્ષેત્રે કાર્યરત તજજ્ઞો એક મંચ પર ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૫

પર્યાવરણની સમસ્યાના નક્કર અને કાયમી ઉકેલ માટે કામ કરતી ગુજરાત સરકારની ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) અને પ્રદૂષણ નિયંત્રણ માટે કાર્યશીલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના દ્વારા હાલની વિકટ એવી પર્યાવરણીય અસરો પર સંશોધન કરતા સંશોધકો માટે એક મોટુ વૈચારિક મંચ મળી રહે તે માટે ૫મી જૂન, ૨૦૧૭ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની થીમ **"Connecting People to Nature** (લોકોનું પ્રકૃતિ સાથે મીલન)''ને ધ્યાને રાખી ''એન્વાયરોમેન્ટ રીસર્ચ મીટ'' કાર્યક્રમ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજન કરેલ છે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણીય સંશોધન ક્ષેત્રે કામ કરતાં વૈજ્ઞાનિકો, તજજ્ઞો, સંશોધકો, વિદ્યાર્થીઓ, સરકારી તેમજ બિન સરકારી ક્ષેત્રે કામ કરતાં તમામ લોકોને એક મંચ પર ભેગા કરી તેઓના વિચાર વિમર્શ દ્વારા સંશોધન ક્ષેત્રે પડતી મુશ્કેલીઓ તેમજ ભવિષ્યના પડકાર તેમજ અત્યઆધુનિક તકનીકોનો ઉપયોગ કરવા જેવા અનેક પાસાઓની રજૂઆત કરવા માટે એક વિશિષ્ટ વૈચારિક મંચ ઉભો કરવામાં આવનાર છે. આ વૈચારિક મંચના કાર્યક્રમને વિવિધ પર્યાવરણીય વિષયોથી વિભાજીત દરેક સંશોધકોને તક આપવામાં આવનાર છે. જેનો લાભ આ મંચના માધ્યમથી રાજયના તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે તમામ સુધી પહોંચાડવા માટેનો આશય રાખવામાં આવેલ છે.

ગેમી દ્વારા આયોજીત થનાર આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિકો, તજજ્ઞો, સંશોધકો, વિદ્યાર્થીઓ, સરકારી તેમજ બિન સરકારી ક્ષેત્રના આશરે ૫૦૦થી વધુ લોકો ભાગ લેવાના છે. ગેમી અને જીપીસીબીના દ્વારા આયોજીત થનાર 'એન્વાયરોમેન્ટ રીસર્ચ મીટ' કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતા સિંહ તેમજ વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ કુલદિપ ગોયલ ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમનું સંચાલન ગેમીના નિયામક ડો. સંજીવ ત્યાગી તેમજ જીપીસીબીના સભ્ય સચિવ કે.સી. મિસ્ત્રી કરશે.

# અમદાવાદમાં દસ બાંગ્લાદેશી ઘુસણખોર ઝડપાયા

## બાંગ્લાદેશના ઘૂસણખોરો ઘણા સમયથી હતા : ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ છે કે કેમ તે મામલામાં ઉંડી તપાસ શરૂ

અમદાવાદ, તા.૨૪

એસઓજી ક્રાઈમ બ્રાંચે આજે એક મહત્વના ઓપરેશનમાં શહેરમાંથી દસ બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી લીધા હતા. એસઓજી ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ શહેરના વટવા અને નારોલ વિસ્તારમાંથી કુલ દસ બાંગ્લાદેશી ઘૂસણખોરોને ડિટેઈન કરી તેઓ કેટલા સમયથી અહીં આવ્યા હતા અને અન્ય કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં તેઓ સંડોવાયેલા છે કે કેમ તે સહિતના મુદ્દે તપાસનો દોર આગળ ધપાવ્યો છે. બાંગ્લાદેશી ઘૂસણખોરોની પ્રાથમિક પૂછપરછમાં એવી ચોંકાવનારી માહિતી સામે આવી હતી કે, તેઓ બાંગ્લાદેશી નાગરિકો છે અને ભારતના વિઝા વિના ગેરકાયદે રીતે બોર્ડર પાર કરી ભારતમાં પ્રવેશ કરી અહીં અમદાવાદમાં આવ્યા હતા અને શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે રીતે વસવાટ કરતા હતા. શહેરમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝબ્બે કરવા મળેલી ચોક્કસ બાતમીના આધારે એસઓજી ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ શહેરના વટવા પીરાણા વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું, જેમાં છ બાંગ્લાદેશી ઘૂસણખોરો પોલીસના હાથે ઝડપાયા હતા.

તેમણે કબૂલ્યું હતું કે, તેઓ બાંગ્લાદેશી છે અને ગેરકાયદે રીતે અહીં આવી વસવાટ કરી રહ્યા છે. આ જ પ્રકારે એસઓજી ક્રાઈમબ્રાંચના અધિકારીઓની બીજી ટીમે શહેરના નારોલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી ચાર બાંગ્લાદેશી ઘૂસણખોરોને રંગેહાથ ઝડપી લીધા હતા. તેઓ ભારતીય નાગરિકત્વના કોઈ જ આધાર-પુરાવા રજૂ નહી કરી શકતાં પોલીસે તેઓને ડિટેઈન કરી પૂછપરછ હાથ ધરી હતી.

એસઓજી ક્રાઈમબ્રાંચે આ બાંગ્લાદેશી ઘૂસણોખોરો કોની મદદથી અહીં આવીને ગેરકાયદે વસવાટ કરતાં હતા, તેઓ કેટલા સમયથી અહીં આવ્યા હતા અને તેઓ કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ કે ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા તો નથી ને તેમ જ આ સિવાય તેઓની સાથે અન્ય કેટલા બાંગ્લાદેશી ઘૂસણખોરો અહીં આવ્યા છે તે સહિતની બાબતોની તપાસ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

### હાજર થવા આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯૯૨ના બનાવ હોય કે પછી ૧૯૮૩ના મામલા હોય તમામમાં કાયદાકીય કાર્યવાહી થશે. ગયા મહિનામાં જ સુપ્રિમ કોર્ટે આ કેસમાં ભાજપના નેતાઓ સામે કાવતરાના આરોપો યથાવત રાખ્યા હતા. સાથે સાથે એવો આદેશ પણ કર્યો હતો કે અડવાણી, ઉમા ભારતી, મુરલી મનોહર જોશીને કાવતરા આરોપોમાં ટ્રાયલનો સામનો કરવો પડશે. સાથે સાથે આ કેસને રાયબરેલીથી લખનૌમાં ટ્રાન્સફર કરવાનો નિર્ણય પણ કરાયો હતો. આ કેસમાં બે એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. બીજી એફઆઈઆરમાં તેમના ભાષણો મારફતે તોફાની ટોળાને ઉશ્કેરવા બદલ અડવાણી, જોશી અને અન્ય ૧૩ના નામનો ઉલ્લેખ છે. લખનૌની ખાસ સીબીઆઈ અદાલત અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, સાંસદ વિયન કટીયાર, સાંસદ ઋતુંભરી, વિષ્ણુહરી દાલમિયાની સામે ૧૯૯૨માં અયોધ્યામાં વિવાદાસ્પદ માળખાના ધ્વંસના મામલામાં કાવતરાને લઈને આરોપો ઘડશે. ખાસ અદાલતે મહંત નૃત્યુગોપાલદાસ, મહંત રામવિલાસ વેદાંતી, વેંકુટલાલ શર્મા, ચંપતરાય બંસલ, ધર્મદાસ અને સતિષ પ્રધાનની સામે આરોપ નક્કી કરવા માટે ૨૫મી તારીખ નક્કી કરી હતી. આ અગાઉ પ્રધાન બુધવારના દિવસે કોર્ટની સમક્ષ ઉપસ્થિત થયા હતા. સતિષ પ્રધાન કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહ્યા બાદ તેમને જામીન મળી ગયા હતા. હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે રાયબરેલી કેસને પણ લખનૌમાં ખસેડી લેવામાં આવે. હાઈકોર્ટે ઈનકાર કરી દીધા બાદ એમ પણ કહ્યું હતું કેસ ટ્રાન્સફર થઈ શકશે નહીં કારણ કે નિયમ હેઠળ ૧૯૮ માટે ચીફ જસ્ટીસથી મંજુરી લેવામાં આવી ન હતી.

કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યુ હતુ કે આ કેસમાં ચાલી રહેલા બે જુદા જુદા મામલાને ક્લબ કરી દેવામાં આવે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં રાયબરેલીમાં ચાલી રહેલા કેસને લખનૌમાં જ ચલાવવા હુકમ કર્યો હતો. કોર્ટે સમગ્ર મામલામાં ચુકાદો દરરોજ કેસની સુનાવણી કરવા અને કેસમાં સમગ્ર પ્રક્રિયાને બે વર્ષમાં પૂર્ણ કરી લેવાની માંગ કરી લેવાનો આદેશ કર્યો હતો. વર્ષ ૧૯૯૨માં બાબરી મસ્જિદને તોડી પાડવાને લઈને બે કેસ દાખલ કરવામાં આવ્યા હતા. એક કેસ કેસ નંબર ૧૯૭ કાર સેવકોની સામે હતો જ્યારે બીજો કેસ કેસ નંબર ૧૯૮ હતો જે મંચ પર રહેલા નેતાઓની સામે હતો. આ કેસમાં બે જુદા જુદા મામલાને ક્લબ કરી દેવાનો આદેશ સુપ્રિમ કોર્ટે આપી દીધા બાદ કાર્યવાહી હાથ ધરાઈ છે. રાયબરેલીમાં ચાલી રહેલા કેસને લખનૌ લાવવામાં આવી રહ્યો છે.

### ચમત્કારિક બચાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાપાસના આદેશ પણ જારી કરવામાં આવ્યા છે. દુર્ઘટના માટેના કારણને જાણવા માટે તપાસ ચાલી રહી છે. જો કે બિન સત્તાવાર અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ટેકનિકલ ખામીના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. ટેકનિકલ ખામીના કારણે પાયલોટે હેલિકોપ્ટરને ક્રેશ લેન્ડિંગ કરાયુ હતુ. ફડનવીસ કેબિનટમાં પણ આ બનાવ બાદ ભાગદોડ મચી ગઈ હતી. લાતુરમાં આ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. મુખ્યમંત્રીના મીડિયા સલાહકાર ચેતન પાટીલને નજીવી ઈજા થઈ હતી પરંતુ તેમને પ્રાથમિક સારવાર આપી દેવામાં આવી હતી. સીકોર્સકાય વીટી-સીએમએમ હેલિકોપ્ટરે લાતુરમાં નિલંગાથી બપોરે ઉડાણ ભરી હતી અને ઉડાણ ભર્યા બાદ તરત જ હેલિપેડ નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને માહિતી આપતા કહ્યું છે કે નિલંગામાં ખેડૂતો સાથે બ્રેકફાસ્ટ મિટીંગ કર્યા બાદ મુંબઈ પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. હેલિકોપ્ટરે ઉડાણ ભર્યા બાદ પાયલોટને પવનને લઈને કેટલીક તકલીફ દેખાઈ હતી. ત્યારબાદ પાયલોટે હેલિકોપ્ટરને પરત ઉતારી લેવાનો નિર્ણય કર્યો હતો. ઉતરાણ દરમિયાન જ હેલિકોપ્ટર વાયરોમાં અટવાઈ પડ્યું હતું. હેલિકોપ્ટરને આના કારણે નુકસાન થયું હતું. જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. બનાવ બાદ ફડનવીસે ટ્વીટર ઉપર માહિતી આપતા કહ્યું હતું કે તેઓ અને તેમની ટીમ બિલકુલ સુરક્ષિત છે. લાતુરમાં હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું છે પરંતુ અમારી ટીમ બિલકુલ સુરક્ષિત છે. ચિંતા કરવા જેવી કોઈ બાબત નથી.

### બચી ગયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

છુપાયેલો છે. ત્યારબાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પુલવામામાં મોડી રાત્રે બેથી ત્રણ લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર કરવામાં આવ્યો હતો. જો કે ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. હાલમાં મોટા પાયે ઓપરેશન ચાલી રહ્યુ છે. સાથે સાથે બે ત્રણ ગામોને ઘેરી લઈને તપાસ હાથ ધરવામાં આવી છે.

### ભારતમાં પ્રવેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. પાકિસ્તાન ડેથ ટ્રેપ તરીકે છે. પરિવાર દ્વારા નક્કી કરવામાં આવેલા લગ્ન બાદ પાકિસ્તાન જતી મહિલાઓને તે નિહાળી ચુકી છે. મહિલાઓ ખૂબ જ મુશ્કેલ સ્થિતિમાં મુકાયેલી છે. ખૂબ જ ખરાબ સંજોગોમાં મહિલાઓ રહે છે. દરેક ઘરમાં બે, ત્રણ અને ચાર ચાર પત્નીઓ રહેલી છે. આજે પત્રકાર પરિષદને સંબોધતા દેખીતી રીતે ભાવનાશીલ બનેલી ઉજમાએ આ મુજબની વાત કરી હતી. અમૃતસર નજીક વાઘા સરહદને પાર કર્યા બાદ દિવસમાં ભારતમાં પ્રવેશેલી ઉજમાએ ઘટસ્ફોટ કર્યો હતો કે પાકિસ્તાનમાં તેના જેવી ઘણી બધી મહિલાઓ મોતના જાળમાં ફસાયેલી છે. જો તે બે ત્રણ દિવસ વધારે રહી હોત તો તેનું મૃત્યુ થયું હોત. તેઓ ફિલિપાઈન્સ, મલેશિયા જેવા પૂર્વ એશિયન દેશોમાંથી મહિલાઓને લાલચ આપીને પાકિસ્તાન લઈ જાય છે અને ત્યારબાદ ખુબ મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ જાય છે. તેના જેવી ઘણી બધી મહિલાઓ પાકિસ્તાનમાં ફસાયેલી છે. ઉજમાએ તેને બચાવી લેવા બદલ ભારત સરકારનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે ઈન્ડિયન હાઈકમિશન અને વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજની તે આભારી છે. આ લોકોએ તેને નવી આશા અને જીવન જીવવા માટેના કારણો આપ્યા છે. વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે ઉજમાને ભારતની પુત્રી તરીકે ગણાવીને પાકિસ્તાની સત્તાવાળાઓનો પણ આભાર માન્યો છે સાથે સાથે માનવતાના આધાર ઉપર ભારત મોકલવા બદલ પાકિસ્તાની ન્યાયતંત્રનો પણ આભાર માન્યો છે. ઉજમા પાકિસ્તાનના વિદેશ અને ગૃહ મંત્રાલયના સહકારના કારણે આજે ભારતમાં છે. પિતાની જેમ તેના કેસને લડનાર વકીલ શાહનવાઝ નૂનનો પણ સુષ્મા સ્વારાજે આભાર માન્યો છે. ઉજમા ૨૦ વર્ષની છે અને તે નવી દિલ્હીની છે.

### નજર રાખશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર ૫૦-૫૦ વર્ષની વયવાળા અથવા તો નોકરીમાં ૩૦ વર્ષ પૂર્ણ કરી ચુકેલા તમામ અધિકારીઓના પ્રદર્શનના મુલ્યાંકન કરી રહી છે. આ અધિકારીઓને નોકરી જારી રાખવા માટેની મંજુરી આપવામાં આવે કે કેમ તે અંગે નિર્ણય કરવામાં આવનાર છે. એક સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે જે અધિકારીઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવનાર છે. છેલ્લા કેટલાક મહિનામાં ગ્રુપ એના ૩૦ અને ગ્રુપ બીના ૯૯ અધિકારીને નિવૃતિ આપવામાં આવી હતી. સરકાર ખરાબ પ્રદર્શન કરનાર અધિકારીઓની તપાસ કરવામાં આવનાર છે.મોદી સરકાર અધિકારીઓના તમામ પાસા પર ચર્ચા કરી રહી છે. આગામી સમયમાં અધિકારીઓ પર વધારે તવાઈ આવી શકે છે.

### વધારે વસ્તી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે છે. આ બન્ને દેશોની ભૂમિકા વિશ્વના દેશોમાં દરેક મોરચા પર જોરદાર રહેલી છે. ભારત અને ચીનમાંથી વસ્તી કોની વધારે છે તેને લઈને હવે ચર્ચા છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ વીસકાન્સીન મેડીસનના અધિકારીએ કહ્યું છે કે વાસ્તવિક આંકડો ચીનનો ૧.૨૯ અબજનો છે જ્યારે સરકારને લાગે છે કે આ આંકડો ૧.૩૮ અબજનો છે. જ્યારે ભારતની વસ્તી હાલમાં ૧.૩૨ અબજની છે. જે સંકેત આપે છે કે ભારતની વસ્તી ચીન કરતા વધારે થઈ રહી છે. બીજી બાજુ ભારતના જનસંખ્યા નિષ્ણાતોએ કહ્યું છે કે ચીન કરતા ભારતની વસ્તી વધી ગઈ છે તે અહેવાલ આધાર વગરના છે. મુંબઈના ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પોલ્યુલેશન સાયન્સના સંશોધક એલએલ સિંહનું કહેવું છે કે ચીન હજુ પણ દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવ છે પરંતુ ભારત ૨૦૨૫ સુધી તેનાથી આગળ નીકળી જશે. ભારતની હાલની વસ્તી ૧.૩ અબજની છે.

સ્વતંત્ર થયા બાદથી ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. ૨૦૫૦ સુધી ભારતની વસ્તી ૧.૧૭ અબજ સુધી પહોંચી જશે.

### તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

ડેટા બતાવવા પડતા હોય છે. જોકે, આવા સર્ટીફિકેશનવાળી લેબોરેટરી સામાન્ય રીતે સારી ક્વોલીટીવાળી જ હોય. હવે, સવાલ એ થાય કે HBS AG કંઈ કંઈ રીતે અથવા કંઈ કંઈ પદ્ધતિએ થઈ શકે છે અને એમાં સૌથી સારી અને સામાન્ય રીતે વધારે સચોટ કઈ પદ્ધતિ ? તો વાચક મિત્રો, પહેલા (૧) પેપરક્રોમેટોગ્રાફીથી HBS AG થઈ શકે. (૨) ELISA પદ્ધતિ અને (૩) PCR. હવે તેની ચર્ચા કરવીએ.

(૧) પેપરક્રોમેટોગ્રાફી : જેમાં કાર્ડ અને સ્ટ્રીપ બે રીતે બજારમાં આની કીટ્સ મળે છે. જેમાં કાર્ડમાં અને સ્ટ્રીપમાં પહેલેથી જ કંટ્રોલ બેન્ડ હોય છે. એટલે કે જે દર્દીનું HBS AG જોવાનું હોય તેનું શિરમનું એક ૨૦ માઈક્રોલીટરનું ટપકું અથવા તો એક ડ્રોપ સ્ટ્રીપમાં અથવા તો કાર્ડમાં નાખવાનું હોય છે. જો એક બેન્ડ આવે તો HBS AG નેગેટીવ અને બે બેન્ડ આવે તો HBS AG પોઝીટીવ. ભાઈ આ તો સાવ સહેલું છે. પણ ઉભા રહો અહીયાં ભય સ્થાન છે. આ પદ્ધતિથી કોઈપણ માણસ સહેલાઈથી રીપોર્ટ આપી શકે. પણ આ રીપોર્ટની સેન્સેટીવીટી અને સ્પેશિફિકસિટી ૯૦ ટકા કરતાં પણ ઓછી હોય છે માટે સચોટ રીપોર્ટ મળતો નથી. એટલે કે ઘણી વખતે કાર્ડ અથવા સ્ટ્રીપ ટેસ્ટ રીલાયેબલ નથી. જોકે, પાંચ દસ મિનિટમાં રીપોર્ટ થઈ જાય તો ચેતજો. જે લેબોરેટરીમાં પાંચ - દસ મિનિટમાં અથવા તો અડધો કલાકમાં HBS AG નો રીપોર્ટ મળતો હોય તો તે ૧૦૦ ટકા સાચું નિદાન કદાચ નહીં હોય. તો પ્રશ્ન થાય, સાચું નિદાન માટે કંઈ પદ્ધતિનો ઉપયોગ કરવો.

(૨) ELISA જે પદ્ધતિ વધારે સચોટ છે અને જેની ઉપર દર્દી અથવા ડૉક્ટર વિશ્વાસ રાખી શકે છે. જે સામાન્ય રીતે ૩ થી ૪ કલાકમાં રીપોર્ટ તૈયાર થાય છે તેમાં પણ લેબોરેટરી કેટલાંક પોઝીટીવ અને નેગેટીવ કંટ્રોલ મૂકીને એની બેન્ચ ટેસ્ટ મૂકે છે તેના ઉપર બહુ મોટો આધાર હોય છે. બ્લડ બેંકમાં HBS AG નો ટેસ્ટ બહુ જ સેન્સેટીવ ગણાય અને ELISA થતો હોય છે. જે સામાન્ય રીતે વધારે પડતો વિશ્વાસવાળો હોય છે. એટલે કે તમે જ્યારે પણ HBS AG નો લોહીનો ટેસ્ટ કરવો ત્યારે ટેસ્ટ ELISA થી થાય એવું લેબોરેટરીવાળાને ભારપૂર્વક કહો. હવે, ત્રીજી પદ્ધતિ PCR જેને પોલીમરેઝચેઈન રીએક્શન કહેવામાં આવે છે. જે સૌથી વધારે ચોક્કસ નિદાન માટે વપરાય છે. હા, PCR ખૂબ મોંઘી અને ટાઈમ વધારે માંગી લે એવી પદ્ધતિ છે પણ જેની ઉપર ૧૦૦ ટકા વિશ્વાસ રાખી શકાય તેવી આ પદ્ધતિ છે.

મત્તલબ કહેવાનું એ છે કે કંઈ લેબોરેટરી તમે પસંદ કરો છો તેની પર તમારો રીપોર્ટ મળશે.

- sgpathlab@gmail.com